GJJN210013892024

| | |
|---|---|
| મળ્યા તારીખ | ૧૨ / ૧૨ / ૨૦૨૪ |
| નોંધણી તારીખ | ૧૨ / ૧૨ / ૨૦૨૪ |
| **ફેંસલ તારીખ** | **૦૬ / ૦૩ / ૨૦૨૬** |
| અવધિ | વર્ષ ૦૧, માસ ૦૨, દિવસ ૨૪ |

આંક : ______

# કેશોદના નામદાર એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.

## સેશન્સ કેસ નં. ૩૫ / ૨૦૨૪

કેશોદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૦૨૪૦૪૮૫/૨૪
ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ મુજબ

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>ભોગ બનનાર 'એસ' W/o. મનિષભાઈ ચુડાસમા,<br>રહે.ભાટ સીમરોલી, તા.કેશોદ. | |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર | |
| આરોપી પક્ષ | ૧) | મનિષભાઈ કાળુભાઈ ચુડાસમા,<br>ઉ.વ. : ૨૩, ધંધો : હીરા ઘસવાનો, |
| | ૨) | કાળુભાઈ બાબુભાઈ ચુડાસમા,<br>ઉ.વ. : ૫૦, ધંધો : મજુરી, |
| | બન્ને રહે.ભાટ સીમરોલી, તા.કેશોદ. | |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી ડી. એચ. ગરચર | |

| | |
|---|---|
| ગુનાની તારીખ | આશરે તા.૦૪/૦૭/૨૪ તથા તેના એકાદ માસ પહેલાથી |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૯/૦૭/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૭/૦૮/૨૦૨૪ |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | ૧૮/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ. પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | મનિષભાઈ કાળુભાઈ ચુડાસમા, | ૧૦/૦૭/૨૪ | ૨૬/૦૭/૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ | છોડી મુકયા | -- | |
| ૨) | કાળુભાઈ બાબુભાઈ ચુડાસમા, | ૧૦/૦૭/૨૪ | ૨૬/૦૭/૨૪ | | | | |

# –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ કે જેઓ આ કામના ફરીયાદી/ભોગ બનનારના અનુક્રમે પતિ તથા સસરા થતા હોય, આરોપીઓ ધ્વારા એકબીજાની મદદગારીથી ફરીયાદીને કામકાજ બાબતે અવાર–નવાર મેણાટોણા મારી તથા શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપવામાં આવેલ તેમજ આરોપી નં.૨ ધ્વારા ફરીયાદીની એકલતાનો લાભ લઈ તેણી સાથે અવાર–નવાર બળજબરીપૂર્વક શારીરિક સબંધ બાંધી બળાત્કાર કરી તેમજ ફરીયાદી જો આ વાત કોઈને કહેશે તો તેને જાનથી મારી નાખશે તેવી ધમકીઓ બન્ને આરોપીઓએ ફરીયાદીને આપી એકબીજાની

મદદગારી કરી ગુન્હો કરેલ. આ બનાવ સંદર્ભે ફરીયાદી/ભોગ બનનારની ફરીયાદ આધારે કેશોદ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૨૦૩૦૩૦૨૪૦૪૮૫/૨૦૨૪ થી ગુન્હો દાખલ થયેલ છે અને તપાસના અંતે તપાસનીસ અધિકારીએ એડી.ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ.શ્રી, કેશોદની કોર્ટમાં ફોજદારી કેસ નં.૬૯૪/૨૦૨૪ થી ચાર્જશીટ ફાઈલ કરેલ.

(૩) ત્યારબાદ સદરહું કેસ ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોય, સદર ફોજદારી કેસ અત્રેની સેશન્સ કોર્ટને કમીટ કરવામાં આવેલ, જે સેશન્સ કેસ નં.૩૫/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને આ કામની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરૂધ્ધ તા.૧૮–૧૨–૨૦૨૫ ના રોજ આંક –૮ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, આંક–૯ અને ૧૦ થી આરોપીઓના જવાબ લેતાં, આરોપીઓએ ગુન્હો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે, જેથી ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી, નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નોંધેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી/ભોગ બનનાર 'એસ' W/o. મનિષભાઈની જુબાની | ૧૨ |
| ૨ | સાહેદ દિનેશભાઈ જેન્તીભાઈ પરમારની જુબાની | ૧૫ |
| ૩ | સાહેદ નિમુબેન દિનેશભાઈ પરમારની જુબાની | ૧૬ |
| ૪ | ત.ક.અધિ.અનિરૂધ્ધસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલનીજુબાની | ૫૦ |

## (બ) દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૩ |
| ૨ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૧૪ |
| ૩ | તપાસ સોંપણી યાદી | ૧૭ |
| ૪ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૧૮ |
| ૫ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર | ૧૯ |
| ૬ | એફ.એસ.એલ.ની મદદ મેળવવા કરેલ રીપોર્ટ | ૨૦ |
| ૭ | એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૧ |
| ૮ | ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૯ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર | ૨૩ |
| ૧૦ | ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૨૪ |
| ૧૩ | ભોગ બનનારની શરીરસ્થિતિનું તથા મુદ્દામાલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૫ |
| ૧૪ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર | ૨૬ |
| ૧૫ | આરોપીઓને અટક કર્યા તથા આરોપી નં.૨ના કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૭ |
| ૧૬ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર | ૨૮ |
| ૧૭ | ભોગ બનનારના મેડી.સેમ્પલ કબજે લીધાનું પંચનામું | ૨૯ |
| ૧૮ | ફરીયાદી–ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા બાબતેની પોલીસ યાદી | ૩૦ |
| ૧૯ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ મોકલ્યાની તબીબી યાદીની નકલ | ૩૧ |

| | | |
|---|---|---|
| ૨૦ | ભોગ બનનારનું એમ.એલ.સી. | ૩૨ |
| ૨૧ | આરોપી નં.૨ના મેડીકલ સેમ્પલ કબજે લીધાનું પંચનામું | ૩૩ |
| ૨૨ | આરોપી નં.૨ના મેડીકલ સેમ્પલ મોકલ્યાની તબીબી ચાદીની નકલ | ૩૪ |
| ૨૩ | આરોપીઓની મેડીકલ તપાસણી માટે કરેલ પોલીસ યાદી | ૩૫ |
| ૨૪ | આરોપી નં.૨ના એમ.એલ.સી.ની નકલ | ૩૬ |
| ૨૫ | આરોપી નં.૧ના એમ.એલ.સી.ની નકલ | ૩૭ |
| ૨૬ | આરોપી નં.૨ની મેડીકલ તપાસણી કરી જરૂરી નમુના લેવા બાબતે કરેલ પોલીસ યાદી | ૩૮ |
| ૨૭ | આરોપી નં.૨નો મેડીકોલીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૩૯ |
| ૨૮ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા બાબતે ત.ક.અધિકારીનો રીપોર્ટ | ૪૦ |
| ૨૯ | ભોગ બનનારને હાજર રખાવવા બાબતે અદાલતી યાદી | ૪૧ |
| ૩૦ | ભોગ બનનારના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનની નકલ મળવા બાબતે ત.ક. અધિકારીનો રીપોર્ટ | ૪૨ |
| ૩૧ | મુદ્દામાલ રવાનગી યાદી | ૪૩ |
| ૩૨ | મુદ્દામાલ રવાનગી પત્રક | ૪૪ |
| ૩૩ | એફ.એસ.એલ.ની પહોંચ | ૪૫ |
| ૩૪ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૪૬ |
| ૩૫ | મુદ્દામાલનો પૃથ્થકરણ અહેવાલ | ૪૭ |
| ૩૬ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૪૮ |
| ૩૭ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૪૯ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૫૧ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવી તેઓને છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. એચ. ગરચરની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓ કે જેઓ આ કામના ફરીયાદી/ભોગ બનનારનાઅનુક્રમે પતિ તથા સસરા થતા હોય, આરોપીઓ ધ્વારા એકબીજાની મદદગારીથી ફરીયાદીને કામકાજ બાબતે અવાર–નવાર મેણા–ટોણા મારી તથા શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપવામાં આવેલ તેમજ આરોપી નં.૨ ધ્વારા ફરીયાદીની એકલતાનો લાભ લઈ તેણી સાથે અવાર–નવાર બળજબરીપૂર્વક શારીરિક સબંધ બાંધી બળાત્કાર કરી તેમજ ફરીયાદી જો આ વાત કોઈને કહેશે તો

તેને જાનથી મારી નાખશે તેવી ધમકીઓ બન્ને આરોપીઓ એ ફરીયાદીને આપી એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી/ભોગ બનનાર 'એસ' W/o. મનિષભાઈને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે, તેણી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેના પિતાજીનું નામ દિનેશભાઈ છે, તેઓ શાકભાજીનો ધંધો કરે છે. તેના બાનુ નામ નિમુબેન છે. તેના લગ્ન એક વર્ષ પહેલા મનીષભાઈ સાથે થયેલ. તેના સસરાનું નામ કાળુભાઈ છે. લગ્ન બાદ તેઓ ભાટસીમરોલી ગામે રહેતા હતા. એવું બનેલ નથી કે, તેણી તેના પતિ સાથે સાસરામાં સંયુકત કુટુંબમાં રહેતી હતી તે વખતે તેને તેના પતિ કે સસરા તરફથી કોઈ બાબતે મેણાટોણા મારવામાં આવતા હોય કે ઝઘડો કરવામાં આવેલ હોય, કે આ દરમ્યાન તેણી રીસામણે ગયેલ હોય કે તેણી સાથે

તેના સસરાએ મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી અવાર–નવાર શરીર સબંધ બાંધેલ હોય. તેણીએ બનાવ સબંધે ફરીયાદ આપેલ, જે ફરીયાદમાં તેણીએ પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી આંક–૧૩ થી રજુ રાખેલ છે, તેમજ વધુમાં જણોલ છે કે, એવું બનેલ નથી કે, તેને મેડીકલ તપાસ માટે લઈ જવામાં આવેલ હોય અને ત્યારે તેણીએ ડોકટરશ્રી રૂબરૂ કોઈ હકીકત બનાવ સબંધે લખાવેલ હોય. તેને પોલીસ કોર્ટમાં લઈ ગયેલ હતી અને ત્યાં તેની પુછપરછ કરીને જજ સાહેબે લખાણ કરેલ હોવાનું જણાવી, જે નિવેદનમાં તેણીએ પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી આંક–૧૪ થી રજુ રાખેલ છે. વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, તેણે ફરીયાદ આપ્યા બાદ પોલીસ આવેલ હોય અને કોઈ ચોકકસ જગ્યા બનાવ વાળી બતાવેલ હોય અને ત્યા પોલીસે કોઈ કાર્યવાહી કરેલ હોય.

આમ, સદર ફરીયાદી/ભોગ બનનાર સાહેદ પોતાની ફરીયાદ હકીકતને અને બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના પોતાના નિવેદનની હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદી/ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેણી ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદી/ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ડોકટર પાસે પોલીસ લઈ ગયેલ ત્યારે પોલીસે તેનું નામ અનેઉંમર પુછેલ, તે સિવાય બીજુ કશું પુછેલ નહી, તેમજ તેણીએ જજ સાહેબ પાસે જે નિવેદન આપેલ તે પોલીસના દબાણથી આપેલ. તેણીએ સ્વીકારેલ છે કે, તેને લખતા–વાંચતા આવડતું નથી, તેથી ફરીયાદમાં શું લખેલ છે તે તેને ખબર

નથી, ફરીયાદ લખાવવા તેની સાથે તેના પપ્પા આવેલા અને તેઓ પોલીસને લખાવતા હતા.

આમ, સદર ફરીયાદી/ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક–૧૩ ની ફરીયાદ મુજબની કે તેણીના આંક –૧૪ ના બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબના નિવેદન મુજબની આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ આરોપીઓ ધ્વારા એકબીજાની મદદગારીથી તેણીને કોઈ મેણાટોણા મારી શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપી કોઈ ક્રૂરતા આચરવામાં આવેલ હોય કે આરોપી નં.ર ધ્વારા તેણી સાથે બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધી બળાત્કાર કરવામાં આવેલ હોય કે તેણીને આરોપીઓ ધ્વારા કોઈ ગુનાહીત ધમકી આપવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદી/ભોગ બનનાર સાહેદના પુરાવાથી આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૦) ફરીયાદ પક્ષ તરફે સાહેદ દિનેશભાઈ જેન્તીભાઈ પરમારને આંક–૧૫ થી તથા સાહેદ નિમુબેન દિનેશભાઈ પરમારને આંક–૧૬ થી તપાસવામાં આવેલા છે, આ સાહેદો કે જેઓ ફરીયાદી/ભોગ બનનારના પિતા તથા માતા છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, ભોગ બનનાર 'એસ' તેમની દિકરી છે, 'એસ'ના લગ્ન આશરે અઢી વર્ષ પહેલા ભાટ સીમરોલી ગામના કાળુભાઈ ચુડાસમાના દિકરા મનિષભાઈ સાથે કરેલ હતા અને લગ્ન બાદ તેમની દિકરી 'એસ' સંયુકત કુટુંબમાં રહેતી હતી. એવું બનેલ નથી કે, તેમની દિકરી 'એસ'ને શરૂઆતમા થોડો સમય સારી રીતે રાખ્યા બાદ તેમના જમાઈ તથા વેવાઈ તેણીને ઘરકામ બાબતે તથા અન્ય બાબતે મેણાટોણા મારી શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપતા હતા. એવું બનેલ નથી કે, તેમની દિકરી સાથે તેના

સાસરીયાઓ પૈકી કોઈએ જબરજસ્તીથી શરીર સબંધ બાંધેલાની વાત તેણીએ તેઓને કરેલ હોય.

આમ, સદર સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય, ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ પોતાના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર સાહેદોએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ડોકટર પાસે તેમની દિકરીને પોલીસ લઈ ગયેલ ત્યારે પોલીસે તેણીનું નામ અને ઉંમર પુછેલ, તે સિવાય બીજુ કશું પુછેલ નહીં, તેમજ તેમની દિકરીએ જજ સાહેબ પાસે જે નિવેદન આપેલ તે પોલીસના દબાણથી આપેલ. તેમણે સ્વીકારેલ છે કે, તેમની દિકરીને લખતા–વાંચતા આવડતું નથી, તેથી ફરીયાદમા શું લખેલ છે તે તેને ખબર નથી.

આમ, સદર બન્ને સાહેદ, કે જેઓ ફરીયાદી/ભોગ બનનારના પિતા તથા માતા છે, તેઓના અદાલત સમક્ષના મૌખિક પુરાવા આધારે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી સદર સાહેદોના પુરાવાથી પણ આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૧) ફરીયાદ પક્ષ તરફે તપાસ કરનાર અમલદાર અનિરૂધ્ધસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલને આંક–૫૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ જુલાઈ–૨૦૨૪માં કેશોદ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન આ કામના ફરીયાદી ભોગબનનાર 'એસ' મનીષભાઈ ચુડાસમાતેમની પાસે આવેલા અને તેણે બનાવ

ની હકીકત તેઓને જણાવતાં, તે મુજબની ફરીયાદ તેઓએ તા.૦૯–૦૭–૨૦૨૪ ના રોજ તેના લખાવ્યા મુજબ લખી લીધેલ, જે તેને વાંચી સંભળાવ્યા બાદ તેઓ રૂબરૂ સહી કરેલ. જે આંક–૧૩ વાળી ફરીયાદ બતાવતા તેઓ જણાવે છે કે, તે તેઓએ લીધેલી અસલ ફરીયાદ છે, જેમાં ફરીયાદીએ તેઓ રૂબરૂ તેણીના હાથના અંગુઠાનું નિશાન કરેલ, જે તેઓ ઓળખી બતાવે છે તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. વધુમાં જણાવે છે કે, ત્યારબાદ હાલનો ગુન્હો નોંધ્યા બાદ તેની તપાસ પી.એસ.ઓ. તરફથી તેઓને મળેલ. તપાસના કામે બનાવ વાળી જગ્યાનું પંચનામું તા.૧૦–૦૭–૨૦૨૪ના રોજ બે વ્યકિતઓને પંચ તરીકે બોલાવી, તેના લખાવ્યા મુજબનું પંચનામું આ કામના ફરીયાદીએ જગ્યા બતાવતા લખેલ હતું, જે આ કામે આંક–૨૨થી રજુ છે. જે પંચનામામાં તેઓએ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવેલ છે. આ પંચનામાની કાર્યવાહી વખતે તેઓએ પોલીસ અધિક્ષકશ્રી મારફત યાદી કરાવેલ અને એફ.એસ.એલ. અધિકારીને હાજર રખાવેલ, તેમણે સ્થળ ઉપર અહેવાલ તૈયાર કરી તેઓને સોંપેલ, જે આ કામે આંક–૨૧ થી રજુ છે. તપાસ કરનાર અમલદાર વધુમાં જણાવે છે કે, તપાસ દરમ્યાન તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ ભોગ બનનારની પરિસ્થિતિનું પંચનામું તા.૧૦ –૦૭–૨૪ના રોજ પંચોની હાજરીમાં કરેલું અને તે વખતે ભોગ બનનારે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ હતા. જે પંચનામું આ કામે આંક–૨૫ થી રજુ છે તે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવી, મેડીકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ તેમજ ભોગ બનનારનું બી.એન.એન.એસ.કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા માટેની કાર્યવાહી કરી લેવડાવી નિવેદનની નકલ આ કામે સામેલ રાખેલ. બાદમાં આરોપી ને અટક કરવા યોગ્ય પુરાવો આવતો હોય, જેથી તા.૧૦–૦૭–૨૦૨૪ના રોજ

આરોપીને પંચોની હાજરીમાં અટક કરેલ અને તે વખતે આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા પણ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ હતા. આરોપીની મેડીકલ તપાસણી કરાવવામાં આવેલ અને મેડીકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ. આ કામનો મુદ્દામાલ જોઈને તેઓએ જણાવેલ છે કે, તે તેઓ ધ્વારા કબ્જે લેવા માં આવેલ તે જ છે. તેમની તપાસ દરમ્યાન કબ્જે લેવા માં આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં મોકલી આપવામાં આવેલ અને એફ.એસ.એલ. તરફથી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તથા એફ.એસ.એલ.નો રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ અને પી.આઈ.શ્રી એન.ડી.ઈંગરોડીયાએ કેસનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ તેમ જણાવી તેઓએ આરોપીઓ ને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે, તેમજ તેઓએ તેમની તપાસ દરમ્યાન સાહેદ દિનેશભાઈ જેન્તીભાઈ પરમાર તથા સાહેદ નીમુબેન વા.ઓ.દિનેશભાઈ જેન્તીભાઈ પરમારના તા.૧૦–૦૭– ૨૪ ના રોજ નિવેદન નોંધેલ હોવાનું જણાવી, સદર સાહેદોના નિવેદનની હકીકતને તેઓએ પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં રીફર કરી સમર્થન આપેલ છે.

સદર તપાસ કરનાર અમલદારની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ માં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી પાછળથી પંચોની પંચનામામાં સહીઓ લેવામાં આવેલ છે, કે સાહેદોના નિવેદન પોતાની રીતે ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે, કે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

આમ, સદર પોલીસ સાહેદ કે જેઓએ હાલના ગુન્હાના કામે તપાસ કરેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર–ફરીયાદી તથા સાહેદોના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું

ન હોય, જેથી સદર પોલીસ સાહેદનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૧૨) આરોપી તરફે સંમતીથી આંકે પડેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તપાસ સોંપણી યાદી આંક–૧૭થી, ગુન્હો રજીસ્ટર કરવા અંગે નો રીપોર્ટ આંક–૧૮થી, ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર આંક–૧૯થી, એફ.એસ.એલ. ની મદદ મેળવવા કરેલ રીપોર્ટ આંક–૨૦થી, એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૨૧થી, ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું આંક–૨૨ થી, ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર આંક–૨૩થી, ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ આંક–૨૪થી,ભોગબનનારની શરીરસ્થિતિનું તથામુદ્દામાલ કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૫થી, ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર આંક–૨૬થી, આરોપીઓને અટક કર્યા તથા આરોપી નં.૨ના કપડા કબજે કર્યાનું પંચનામું આંક –૨૭થી, ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર આંક–૨૮થી, ભોગ બનનારના મેડીકલ સેમ્પલ કબજે લીધાનું પંચનામું આંક–૨૯થી, ફરીયાદી–ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા બાબતેની પોલીસ યાદી આંક–૩૦થી, ભોગ બનનારના મેડીકલ સેમ્પલ મોકલ્યાની તબીબી યાદીની નકલ આંક–૩૧થી, ભોગ બનનારનું એમ.એલ.સી. આંક–૩૨થી, આરોપી નં.૨ના મેડીકલ સેમ્પલ કબજે લીધાનું પંચનામું આંક–૩૩થી, આરોપી નં.૨ના મેડીકલ સેમ્પલ મોકલ્યાની તબીબી યાદીની નકલ આંક–૩૪થી, આરોપીઓની મેડીકલ તપાસણી માટે કરેલ પોલીસ યાદી આંક–૩૫થી, આરોપી નં.૨ના એમ.એલ.સી ની નકલ આંક–૩૬થી, આરોપી નં.૧ના એમ.એલ.સી.ની નકલ આંક–૩૭ થી, આરોપી નં.૨ની મેડીકલ તપાસણી કરી જરૂરી નમુના લેવા બાબતે કરેલ પોલીસ યાદી આંક–૩૮થી, આરોપી નં.૨નો મેડીકોલીગલ એકઝામીનેશન રીપોર્ટ આંક–૩૯થી, ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા બાબતે ત.ક.અધિકારીનો રીપોર્ટ આંક– ૪૦થી, ભોગ

બનનારને હાજર રખાવવા બાબતે અદાલતની યાદી આંક–૭૧થી, ભોગ બનનારના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનની નકલ મળવા બાબતે ત.ક. અધિકારીનો રીપોર્ટ આંક–૭૨થી, મુદ્દામાલ રવાનગી યાદી આંક–૭૩થી, મુદ્દામાલ રવાનગી પત્રક આંક–૭૪થી, એફ.એસ.એલ.ની પહોંચ આંક–૭૫થી, એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર આંક–૭૬થી, મુદ્દામાલનો પૃથ્થકરણ અહેવાલ આંક–૭૭થી, એફ.આઈ.આર.ની ખરીનકલ આંક–૭૮થી તથા સ્ટેશન ડાયરીની ખરીનકલ આંક–૭૯થી રજુ થયેલ છે. પરંતુ, ખુદ ભોગ બનનાર–ફરીયાદી તથા સાહેદોએ તેઓના પુરાવામાં આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય,જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૩) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનારના મૌખિક પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને ખુદ ભોગ બનનાર–ફરીયાદી જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ આરોપીઓ ધ્વારા એકબીજાની મદદગારીથી ફરીયાદીને કોઈ મેણાટોણા મારી શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપી કોઈ કૃરતા આચરવામાં આવેલ હોય કે આરોપી નં.૨ ધ્વારા તેણી સાથે બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધી બળાત્કાર કરવામાં આવેલ હોય કે તેણીને આરોપીઓ ધ્વારા કોઈ ગુનાહીત ધમકી આપવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ભોગ બનનારના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. તે ઉપરાંત, આ કામે તપાસવામાં આવેલા અન્ય બે સાહેદો, કે જેઓ ભોગ બનનાર ફરીયાદીના માતા–પિતા છે, તેઓના મૌખિક પુરાવા થકી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. ફરીયાદ પક્ષે ફરીયાદી–ભોગ બનનાર તથા સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ છે. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદ, તપાસ કરનાર

અમલદારના પુરાવાને પણ તપાસવામાં આવેલ ફરીયાદી/ભોગ બનનાર તથા સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદના મૌખિક પુરાવા ઉપર આધાર રાખી, આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપીઓ શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૧૪) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ આંક-૮ ના તહોમતનામા મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ મુજબનો ગુન્હો આરોપીઓએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

૧) આ કામના આરોપીઓ નં.(૧) મનિષભાઈ કાળુભાઈ ચુડાસમા તથા (૨) કાળુભાઈ બાબુભાઈ ચુડાસમાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૮(૧)અન્વયે ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૮૫, ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની

કલમ–૪૮૧ મુજબ પ્રત્યેકે રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૬ ઠી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૬/૦૩/૨૦૨૬,

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
એડિશ્નલ સેશન્સ જજ,
કેશોદ.
GJ 00576

NKM